| | |
|---|---|
| કેસ રજુ તા. | ૨૧/૧૦/૨૦૨૨ |
| કેસ રજી તા. | ૨૧/૧૦/૨૦૨૨ |
| કેસ ફેસલ તા. | ૨૬/૦૯/૨૦૨૩ |
| સમય ગાળો ૦૦ વર્ષ ૧૧ માસ ૦૫ દિવસ | |

**બાવળા મહે. એડી.સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી કોર્ટમાં, બાવળા.**

**ક્રિમીનલ કેસ નં.૧૧૨૨/૨૦૨૨**

**આંક:- ૧૬**

**ફરિયાદી :- શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપી :- સિરાજભાઈ કરીમભાઈ બગસરીયા**

રહે.ઓનેસ્ટ હોટલની સામે,રહેમતબાગ,

લીંબડી,તા.લીંબડી,જી.સુરેન્દ્રનગર.

**ગુનો :- <u>ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ ,૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪ મુજબ</u>**

---

ફરિયાદી તરફે :- વિ.એ.પી.પી. શ્રી તેજલબેન વી. શાહ
આરોપી તરફે :- વિ.વ.શ્રી કે.પી.વાઘેલા.

---

**-:<u>ચૂકા દો</u> :-**

(૧) આ કામે ફરિયાદી પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૭/૨૨ ના ક.૧૦/૩૦ વાગે મોજે બગોદરા બાવળા હાઈવે, કલ્યાણગઢ ગામની સીમ, સુપરગેસ પ્લાન્ટ સામે, રોડ ઉપર પોતાના કબજા હવાલાવાળી ટાટા ૪૦૭ ગાડીનં. જીજે-૦૭-

વાયઝેડ–૪૩૦૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પિતા સાહેદ રણછોડ ભાઈ જીવાભાઈ ગુર્જર(પ્રજાપતિ) ના બજાજ સીટી ૧૦૦ મોટરસાયકલ નં.જીજે–૦૧–એમવાય –૮૯૯૪ ને અડફેટે લઈ અકસ્માત કરી સાહેદ રણછોડભાઈને માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે નાની મોટી ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ, ગુનો કર્યા બાબતની ફરીયાદ ફરિયાદીએ આપતા ફરીયાદ બગોદરા પો.સ્ટે.માં ગુ.ર.નં.૧૧૧૯૨૦૧૦૨૨૦૧૪૮ થી નોંધી. તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવેલ આરોપીને કોર્ટનો સમન્સ બજી જતા આરોપી ના.કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. તથા આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક : ૦૪ થી આરોપીનું ગુના અંગેનું નિવેદન લેવામાં આવતા તેમણે ગુનો કબુલ કરેલ નથી જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદી પક્ષ તરફે તેઓનો કેસ તેઓએ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે, અને સદર કામ ફરિયાદીના પુરાવાના સ્ટેજે હોય ફરિયાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામા આવેલા છે.

**–: મૌખિક પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક | સાક્ષીની વિગત |
|---|---|---|---|
| ૧. | અશ્વીનભાઈ રણછોડભાઈ ગુર્જરની જુબાની | ૦૬ | ફરીયાદી |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૭ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૦૮ |

| | | |
|---|---|---|
| ૩. | ઈન્કવેસ્ટ પંચનામું | ૦૯ |
| ૪. | મેડીકલ સર્ટીફીકેટ | ૧૦ |
| ૫. | પી.એમ.નોટ | ૧૧ |
| ૬. | એફ.એસ.એલ રીપોર્ટ | ૧૨ |

(૪) આ સિવાય ફરિયાદી તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામા આવેલ નથી, અને ફરિયાદી તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી પુરાવા બંધની પુરસીસ આંક: ૧૨ થી રજુ કરવામાં આવેલ છે. અને ફરીયાદી તરફે અન્ય કોઈ સાહેદ તપાસવામાં આવેલા નથી.

(૫) ફરિયાદ પક્ષની કેસની હકીકત, રેકર્ડ ઉપરનો પુરાવો, ધ્યાનમા લેતા સી.આર. પી.સી.ની ક: ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરિયાદી પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૭/૨૨ ના ક.૧૦/૩૦ વાગે મોજે બગોદરા બાવળા હાઈવે, કલ્યાણ ગઢ ગામની સીમ, સુપરગેસ પ્લાન્ટ સામે, રોડ ઉપર પોતાના કબજા હવાલા વાળી ટાટા ૪૦૭ ગાડીનં.જીજે-૦૭-વાયઝેડ-૪૩૦૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પિતા સાહેદ રણછોડ ભાઈ જીવાભાઈ ગુર્જર(પ્રજાપતિ) ના બજાજ સીટી ૧૦૦ મોટરસાયકલ નં.જીજે-૦૧-એમ વાય -૮૯૯૪ ને અડફેટે લઈ અકસ્માત કરી સાહેદ રણછોડભાઈને માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે નાની મોટી ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯,૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબ શીક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબના છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**:- કા ર ણો :-**

**મુદ્દા નં.૧ ની ચર્ચા:**

(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુન્હામાં આરોપી વિરુદ્ધનો આક્ષેપાયેલ ગુન્હો, નિઃશંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલો છે.

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે આ કામનાં ફરિયાદી અશ્વીન રણછોડભાઈ ગુર્જર નાઓને આંક-૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,બનાવ આજથી આશરે વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેમના પિતા રણછોડ ભાઈના મોબાઈલ ઉપરથી સવારના સમયે કોઈ અજાણ્યા ઈસમનો ફોન આવેલો અને જણાવેલ કે, આ મોબાઈલ ફોન વાળા ભાઈનો મોગલધામ મંદીર નજીક કોઈ ફોરવીલ ગાડી સાથે અકસ્માત થયેલ છે અને તેમને ગંભીર ઈજાઓ થયેલ છે. જેથી તેમણે તેમને કહેલુ કે, આ મોબાઈલ ફોનવાળા ભાઈ તેમના પિતા રણછોડભાઈ છે અને તેમને ૧ ૦૮ બોલાવી બાવળા સરકારી દવાખાને સારવાર અર્થે લાવેલ અને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવા પડશે તેથી તેમને અમદાવાદ ઓર્ચીડ મલ્ટી સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ અને ત્યા તેમની હાલત વધુ ગંભીર હોવાથી તેમને વેન્ટીલેટર ઉપર રાખેલ અને ત્યા તેમને ફરજ પરના ડોકટરને જણાવેલ કે, ખોપરીના ભાગે ફ્રેકચર થયેલ છે અને તેમની હાલત ગંભીર છે. જેથી ખર્ચો વધુ થશે. તેવું તેમને જણાવેલ જેથી

તેમને પરત એમ્બ્યુલન્સમાં બાવળા ખોડીયાર હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયેલ તો ફરજ પરના ડોકટરે તેમના પિતાને મરણ જાહરે કરેલા અને પી.એમ. કરવા માટે બાવળા સરકારી દવાખાને લઈ આવેલ. અકસ્માત કઈ રીતે બન્યો અને કોની બેદરકારીથી બન્યો તે તેમને ખબર નથી. અકસ્માત કરનાર વાહન કઈ વ્યકિતનું હતુ તેનો નંબર શુ હતો અને તેનો ચાલક કોણ હતો તેની તેમને ખબર નથી. બનાવ અંગેની ફરીયાદ તેમણે કેમ્પ સી.એચ.સી.બાવળા ખાતે બગોદરા પોલીસની રુબરુમાં આપેલી. ફરીયાદની ઝેરોક્ષ નકલ તેમને બતાવવામાં આવેલ છે જેમાં તેમની સહી ઓખળી બતાવેલ છે. જે આંક–૦૭ થી રજુ થયેલ છે. અકસ્માત કોની બેદરકારીથી બન્યો હતો અને કેવી રીતે બન્યો હતો તેની તેમને ખબર નથી. અકસ્માત કરનાર ચાલકને તેમણે જોયેલ ન હતો. આમ, ફરીયાદી ફરિયાદ હકીકતને સમર્થન ન કરતા વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપતા ઉલટ તપાસ દરમ્યાન પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની જાણ ફોન ઉપર થયેલ હોવાથી બનાવની તેમને કોઈ જાત માહીતી નથી. બનાવ તેમણે નજરે જોયેલ ન હોવાથી અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી. અકસ્માત કરનાર ગાડીનો ડ્રાઈવર કોણ હતો તે ગાડીનો નંબર શુ હતો તે તેમને ખબર નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૦૮ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૦૯ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૧૦ થી મેડીકલ સર્ટી, આંક–૧૧ થી પી.એમ.નોટ , આંક – ૧૨ થી એફ.એસ.એલ સર્ટી રજુ રાખેલ છે પરંતુ સદર દસ્તાવેજી પુરાવો સમર્થનકારક પુરાવો હોય, તેની ફરિયાદ પક્ષના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે. જ્યારે ફરિયાદપક્ષના મહત્વના પુરાવાઓથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ

ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૧૧) આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં, આ કામે આંક–૦૬ થી ફરિયાદી અશ્વીન રણછોડભાઈ ગુર્જર ને સોગંદ ઉપર તપાસતા જણાવેલ છે કે, બનાવ આજથી આશરે વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેમના પિતા રણછોડ ભાઈના મોબાઈલ ઉપરથી સવારના સમયે કોઈ અજાણ્યા ઈસમનો ફોન આવેલો અને જણાવેલ કે, આ મોબાઈલ ફોન વાળા ભાઈનો મોગલધામ મંદીર નજીક કોઈ ફોરવીલ ગાડી સાથે અકસ્માત થયેલ છે અને તેમને ગંભીર ઈજાઓ થયેલ છે. જેથી તેમણે તેમને કહેલુ કે, આ મોબાઈલ ફોનવવાળા ભાઈ તેમના પિતા રણછોડભાઈ છે અને તેમને ૧૦૮ બોલાવી બાવળા સરકારી દવાખાને સારવાર અર્થે લાવેલ અને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવા પડશે તેથી તેમને અમદાવાદ ઓર્ચીડ મલ્ટી સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ અને ત્યા તેમની હાલત વધુ ગંભીર હોવાથી તેમને વેન્ટીલેટર ઉપર રાખેલ અને ત્યા તેમને ફરજ પરના ડોકટરને જણાવેલ કે, ખોપરીના ભાગે ફ્રેકચર થયેલ છે અને તેમની હાલત ગંભીર છે. જેથી ખર્ચો વધુ થશે. તેવું તેમને જણાવેલ જેથી તેમને પરત એમ્બ્યુલન્સમાં બાવળા ખોડીયાર હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયેલ તો ફરજ પરના ડોકટરે તેમના પિતાને મરણ જાહરે કરેલા અને પી.એમ. કરવા માટે બાવળા સરકારી દવાખાને લઈ આવેલ. અકસ્માત કઈ રીતે બન્યો અને કોની બેદરકારીથી બન્યો તે તેમને ખબર નથી. અકસ્માત કરનાર વાહન કઈ વ્યકિતનું હતુ તેનો નંબર શુ હતો અને તેનો ચાલક કોણ હતો તેની તેમને ખબર નથી. બનાવ અંગેની ફરીયાદ તેમણે કેમ્પ સી.એચ.સી.બાવળા ખાતે બગોદરા પોલીસની રુબરુમં આપેલાનું જણાવેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની જાણ ફોન ઉપર થયેલ હોવાથી બનાવની તેમને કોઈ જાત માહીતી નથી. બનાવ તેમણે નજરે જોયેલ ન હોવાથી અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી. અકસ્માત કરનાર ગાડીનો ડ્રાઈવર કોણ હતો તે ગાડીનો નંબર શુ હતો તે તેમને ખબર નથી. આમ,

ફરિયાદીની જુબાની ફરિયાદપક્ષના કેસને પુરાવાથી લેશમાત્ર મદદરૂપ થતી નથી. આ કામના ફરિયાદપક્ષ તરફે ફરિયાદીને ફરીયાદી બનાવ સ્થળે હાજર ન હોય તેઓને કોઈ જાત માહીતી નથી તેમજ વાહન ચાલક અંગેની કોઈ જ હકિકત જણાવતા નથી તેમજ આરોપીને ઓળખી બતાવેલ નથી કે આરોપીની અકસ્માત સમયે ઝડપ બેદરકારી ભર્યા ડ્રાઈવીંગ તથા નિષ્કાળજી બાબતે કોઈ જ પુરાવો રજુ કરેલો નથી. ફરિયાદીનો પુરાવો જોતાં અકસ્માત કરનાર વાહનના બનાવ સમયે ચાલક તરીકે આરોપીથી સાહેદ રણછોડભાઈને ઈજાઓ થતા અવસાન થયેલાની હકીકત સ્પષ્ટપણે પૂરવાર થતી નથી, જેથી આંક-૦૭ ની ફરિયાદ આરોપી વિરુધ્ધ સાબીત થતી નથી. આમ,આરોપીની પુરઝડપ ભર્યા ડ્રાઈવીંગ અને ગફલતભરી રીતે અને બેદરકારીભર્યા ડ્રાઈવીંગને કારણે હાલનો અકસ્માતનો બનાવ બનેલો હોય તેવું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, સદરહું સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરુધ્ધનો ગુનો સાબિત થયાનું માની શકાય નહીં.

(૧૧.૧) તેમજ જો એમ માની લેવામાં આવે કે, ફોરવ્હીલ લઈ આરોપી દ્વારા સદરહુ અકસ્માત કરવામાં આવેલ છે.ત્યારે આ કામે ઈ.પી.કો.ક ૨૭૯ જોતાં,

**I.P.C. Section 279. Rash driving or riding on a public way.**

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so <u>rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person,</u> shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**સદરહુ કલમના તત્વો જોતા તેમાં જણાવ્યા મુજબ પુરઝડપે અથવા ગફલતભરી રીતે તેમજ બેદરકારીપૂર્વક ડ્રાયવીગ કરવામાં આવે તો તે આ કલમ મુજબ સજાને પાત્ર બનશે.**

**આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતનું જજમેન્ટ જોતાં <u>ધી સ્ટેટ ઓફ કર્ણાટક વી.સતીષ(૧૯૯૮) એસ.સી.સી. ૪૯૩માં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા ૪ માં જણાવેલ છે</u>**

**કે,**"4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur"."

ઉપરોક્ત જજમેન્ટમાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે, માત્ર પુરઝડપનાં આધારે આરોપીને ઈ.પી.કો.કલમ–૨૭૯ માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ ઉપરના કેસમાં ફરિયાદી આરોપીની બેદરકારીના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું જણાવતા નથી. આ કામના ફરિયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીની પુરઝડપે અને ગફલતભરી રીતેના કારણે બનાવ બનેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. આમ, જ્યારે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળતું નથી. ત્યારે આ કામે ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની જોતાં સદરહું અકસ્માતનો બનાવ આરોપી દ્વારા જ કરવામાં આવેલો હોય અને આરોપીની પુરઝડપે અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય અને સાહેદને ગંભીર ઈજાઓ થતાં અવસાન થયેલ હોય, તેવું સાબિત કરી શકેલ ન હોય જેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે. વધુમાં, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ, પાના નં.૮૫ ઉપર પ્રસિદ્ધ થયેલ સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમીનિસ્ટ્રેશન નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ

સિધ્ધાંત મુજબ જ્યારે મહત્વનાં સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને એવું નિરીક્ષણ કરેલ છે કેઃ–

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

(૧૨) આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. હાલના કામના આરોપીએ તા.૨૮/૭/૨૨ ના ક.૧૦/૩૦ વાગે મોજે બગોદરા–બાવળા હાઈવે, કલ્યાણગઢ ગામની સીમ, સુપરગેસ પ્લાન્ટ સામે, રોડ ઉપર પોતાના કબજા હવાલાવાળી ટાટા ૪૦૭ ગાડીનં.જીજે–૦૭–વાયઝેડ–૪૩૦૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પિતા સાહેદ રણછોડભાઈ જીવાભાઈ ગુર્જર (પ્રજાપતિ) ના બજાજ સીટી ૧૦૦ મોટરસાયકલ નં.જીજે–૦૧–એમ.વાય – ૮૯૯૪ ને અડફેટે લઈ અકસ્માત કરી સાહેદ રણછોડભાઈને માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે નાની મોટી ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧ ૭૭,૧૮૪ મુજબનો ગુન્હો પુરવાર થતો નથી. આમ, ઉપરોક્ત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપિત ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી મુદ્દા નં.૧ જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુ ક મ:–**

(૧) આ કામના આરોપી **સિરાજભાઈ કરીમભાઈ બગસરીયા** રહે.ઓનેસ્ટ હોટલની સામે,

રહેમતબાગ, લીંબડી, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ.૨૫૫ (૧)અન્વયે ઈ.પી.કોડની કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટ ની કલમ–૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂ.૨૫૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૬, માહે –સપ્ટેમ્બર, સને– ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૬/૦૯/૨૦૨૩
બાવળા

(બી.વી. ગોહિલ)
જજ કોડ – GJ01456
એડી.સીવીલ જજ અને
જયુડી.મેજી. ફ.ક.તા. બાવળા.